PG-CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG-CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩/કવા–૦૨/૧૮–૧૯/8888–1 તા. 20-09-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભગવાનજીભાઈ રામજીભાઈ કનેરીયા,
ગામ: સુલતાનાબાદ
તા.માણાવદર
જી.જુનાગઢ
મો: ૯૯૨૫૬ ૪૬૦૭૧

GA

વિષય :–થ્રી ફેઇઝ ખેતીવાડી જોડાણ નુ બીલ આપવા અંગે
સંદર્ભ:– આપની અરજી , તા.૨૮–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, બાંટવા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : રીજીઆરએફ : ૩/કવા–૦૨/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૧૬–૦૮–૧૮ સ્થળ : જુનાગઢ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: ભગવાનજીભાઈ રામજીભાઈ કનેરીયા, ગામ: સુલતાનાબાદ

રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે જયંતભાઈ ભગવાનજીભાઈ કનેરીયા હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, બાંટવા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર)

રજુઆત કરનાર : વી.બી.કાતરીયા નાયબ ઈજનેર – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર

## : હુકમ :

**ફરીયાદ : થ્રી ફેઇઝ ખેતીવાડી જોડાણ નુ બીલ આપવા અંગે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| 1 | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૩૫૨૩૪/૦૦૪૯૨/૯ ગામ:સુલતાનાબાદ ખાતે બાંટવા પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. તા.૧૦–૧૧–૧૬ ના વીજબીલ મુજબ – મીટર રીડીંગ ૫૮૬૦ યુનીટ નોધાયેલ હતા. ત્યારબાદ – મીટર નો ડિસ્પલે બંધ હોવાથી તા.૧૭–૧૧–૧૬ ના રોજ સદર મીટર બદલેલ – જે લેબોરેટરી મા ખોલવામા આવેલ – જે અન્વયે તા.૧૭–૧૧–૧૬ ના રોજ મીટર રીડીંગ ૫૩૭૭૪.૭ યુનીટ બતાવે છે, એટલેકે ૦૭ દિવસ મા ૪૭,૮૯૪ યુનીટ નો વીજવપરાશ થાય એ શકય નથી. સદર બાબતે પૂરવણીબીલ – રૂ.૩૭,૩૧૫/– નુ આપેલ છે, જે ખોટુ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ભગવાનજી રામજી કનેરીયા ગામ સુલતાનાબાદ ખેતી વિષયક વિજ જોડાણમાં ગ્રાં નં ૩૫૨૩૪/૦૦૪૯૩/૯ નું વધારે બિલ આપવા બાબતે .જે અરજીનાં અનુસંધાને જેની ટુકી વિગત નીચે મુજબ છે.<br>૧. શ્રી ભગવાનજી રામજી કનેરીયા ગામ સુલતાનાબાદ ના ખેતીવાડી ગ્રાહક નં ૩૫૨૩૪/૦૦૪૯૨/૯ તા ૧૦.૧૧.૨૦૧૬ ના રોજ ૫૮૮૦ છેલ્લા યુનિટ (૫૬૦ યુનિટ નો વપરાશ) આવેલ જેનું બિલ આપેલ ત્યાર બાદ તા. ૧૭.૧૧.૨૦૧૬ ના રોજ પ્રફોમા નં પીઆરડી/એમઆરઆર/સી/૭૫૩ તા ૧૭.૧૧.૨૦૧૬ ના રોજ મીટર બદલાવે જેમાં ડીસ્પલે ઓફ બતાવેલ છે ( પ્રફોમાં રીપોટ, આધારે)<br>૨. તા. ૧૫.૧૨.૨૦૧૬ ના રોજ પીઆરડી/લેબનં ૬૮૧૪ તા ૧૫.૧૨.૨૦૧૬ ના રોજ એકતરફી સંયુકત લેબ તપાસણી અહેવાલ ના આધારે<br>- સંદર મીટર ને ટેસ્ટલેબ પર ચડાવીને ચેક કરતા ડીસ્પલે ઓફ છે .<br>- સદર મીટર નો ડીસ્પલે ઓફ હોય બેટરી મોડમાં ચેક કરતા રીડીંગ ૫૩૭૭૪.૭ યુનિટ જોવા મળેલ છે. જે બેટરી મોડ ના રીડીંગ ના ફોટા પાડેલ છે.<br>- અને લેબ રીપોર્ટ માં જણાવેલ કે લેઝર રીપોર્ટ સાથે ખરાઇ કરવી<br>- સદર મીટર નો ડીસ્પલે ઓફ હોય અને કંપનીમાં મોકલવુ કંપની નીર્ણય બન્ને પક્ષને બંધન કર્તા હશે.<br>૩. લેબ તપાસણી અહેવાલ આધારે તા . ૧૦.૧૧.૨૦૧૬ ના રોજ ૫૮૮૦ છેલ્લા રીડીંગ (વપરાશ ૫૬૦ યુનિટ )આવેલ અને તા ૧૭.૧૧.૨૦૧૬ ના રોજ મીટર બદલાવેલ ત્યારે ૭ દિવસના રીડીંગ ૫૩૭૭૪.૯ (વપરાશ |

| | |
|---|---|
| | ૪૭૮૯૪ યુનિટ) આવતા બાંટવા પેટા વિભાગીય કચેરી તરફથી ડેબિટ ની કાર્યવાહી કરેલ ન હતી.<br>૪. તા . ૧૫.૩.૨૦૧૮ થી ૨૨.૩.૨૦૧૮ ના રોજ બાંટવા પેટા વિભાગીય કચેરીના ઓડીટ આવતા ઓડીટ પત્રનં બીવીએનસી/આઇએ એન્ડ આઇ/૮૬૨ તા ૨૭.૩.૨૦૧૮ ના પારા ૧.૪ (બી) ક્રમ ૪ મુજબ ૪૭૮૯૪ ના યુનિટ રીકવરી પોઇન્ટ કાઢેલ જે અનુંસંધાને ગ્રાહકને ૪૭૮૯૪ યુનિટ નુ બિલ આપેલ છે. |
| **૨.૨** | ઉપરોકત બાબતે – ફોરમ કમિટી મીટીગ: તા. ૧૬–૦૮–૧૮ ની સુચના અન્વયે – સવાલવાળા મીટર ને મીટર મેન્યુફેકચર કંપની મા વધુ ખરાઈ અર્થે મોકલવુ, જે અનુસંધાને – સદર મીટર પીજી–૪૪૮૩૦૦ ને કંપની મા વધુ ખરાઈ અર્થે મોકલાવેલ – જેનો રીપોર્ટ તા.૨૩–૦૮–૧૮ ના રોજ મળેલ, તે મુજબ – ''.... Three phase L+G Make Meter Sr No: PG448300 (10-60 A) been analyzed thoroughly and found that firmware of the meter has been corrupted and further data downloading of the meter is not possible in any way. Hence the meter is defective and beyond economical repair. So it can be scrapped.'' |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ભગવાનજી રામજી કનેરીયા ખેતી વિષયક વિજ જોડાણમાં ગ્રાં નં ૩૫૨૩૪/૦૦૪૯૩/૯ ગામ:સુલતાનાબાદ ખાતે બાંટવા પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે.<br><br>તા ૧૦.૧૧.૨૦૧૬ ના રોજ ૫૮૮૦ છેલ્લા યુનિટ (૫૬૦ યુનિટ નો વપરાશ) આવેલ જેનું બિલ આપેલ ત્યાર બાદ તા. ૧૭.૧૧.૨૦૧૬ ના રોજ પ્રફોમા નં પીઆરડી/એમઆરઆર/સી/૭૫૩ તા ૧૭.૧૧.૨૦૧૬ ના રોજ મીટર બદલાવે જેમાં મીટર રીડર ના રીપોર્ટ ના આધારે ડીસ્પલે ઓફ હોવાથી સદર મીટર અરજદાર ના પ્રતિનીધી ની હાજરી માં બદલાવેલ છે, જેમા અરજદાર ને સદર મીટર ની ચકાસણી માટે લેબોરેટરી મા તા.૦૫–૧૨–૧૬, તા.૦૬–૧૨–૧૬ અને તા.૦૮–૧૨–૧૬ ના રોજ હાજર રહેવા જણાવેલ. પરંતુ, અરજદાર શ્રી હાજર ન રહેતા – કંપની ના નિયમાધીન રીતે મીટર ની એક તરફી ચકાસણી તા.૧૫–૧૨–૧૬ થી કરવામા આવેલ હતી, તે મુજબ સદર મીટર નો ડીસ્પલે ઓફ હોય બેટરી મોડ મા ચેક કરતા રીડીગ નીચે મુજબ મળેલ છે. તેમજ સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ થયેલ નથી. તેમજ સદર વીજ મીટર નો ડિસ્પલે ઓફ હોય કંપની મા મોકલવુ, જે કંપની નો નિર્ણય બન્ને પક્ષકાર ને બંધનકર્તા રહેશે. |

| Particulars | Old Meter Replace Dt.17.11.16 | New Meter Dt. 17.11.16 | Old Meter-As per Meter Testing Lab Dt.24.08.17 |
|---|---|---|---|
| Make | L&G | L&T | L&G |
| Meter No | PG 448300 | PG 723199 | PG 448300 |
| Capacity | 10-60 A | 10-60 A | 10-60 A |
| C. Reading | DISPLAY OFF | 3.9 | KWH =053744.7 , KVARH LAG = 005753.8 |

પીજીવીસીએલ કંપની દ્રારા પેટા વિભાગીય કચેરી, બાંટવા નુ ઓડિટ ટીમ દ્રારા વર્ષ–૨૦૧૬–૧૭ નુ તા.૧૫–૦૩–૧૮ થી તા.૨૨–૦૩–૧૮ દરમ્યાન કરાયેલ, જેનો રીપોર્ટ તા.૨૭–૦૩–૧૮ મુજબ – લેબોરેટરી રીપોર્ટ માં જણાવ્યા મુજબ – સદર મીટર ના છેલ્લા રીડીગ 053744.7 માથી અગાઉ ના રીડીગ 5880 બાદ કરતા – તફાવતીય યુનીટ – (47894 * 0.80) અન્વયે કુલ રૂ.૩૮,૩૧૫.૨૦ ની રીકવરી બતાવેલ. સદર બાબતે પેટા વિભાગીય કચેરી દ્રારા – અરજદાર ને તા.૨૧–૦૫–૧૮ ના પત્ર થી ઓડિટ રીકવરી ની રકમ રૂ.૩૮,૩૧૫.૨૦ દિવસ–૦૭ મા ભરપાઈ કરવા જણાવેલ. તા.૧૧–૦૬–૧૮ ની અરજદાર ની લેખીત રજુઆત મુજબ – ઓડિટ રીપોર્ટ મુજબ – તમામ વીજબીલ ના રેકર્ડ અને મીટર ના એમ.આર.આઈ. અહેવાલ ની સંપુર્ણ માહિતી આપવા પીજીવીસીએલ ની સબંધક કચેરી મા રજુઆત કરેલ, જે અનુસંધાને – પેટા વિભાગીય કચેરી દ્રારા તા.૦૩–૦૭–૧૮ ના રોજ મીટર ટેસ્ટીગ લેબોરેટરી ગ્રામ્ય વિભાગીય કચેરી ,પોરબંદર ને લેખીત મા જણાવેલ કે લેબોરેટરી રીપોર્ટ મુજબ સવાલવાળુ મીટર કંપની મા મોકલાવેલ હતુ, જેના એમ.આર.આઈ. અહેવાલ ની નકલ આપવા રજુઆત કરેલ.

| ૩.૨ | સદર કેઈસ મા ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ને અપાયેલ પુરવણીબીલની રકમ મંજુર ન હોય – એટલેકે તા.૧૦–૧૧–૧૬ થી તા.૧૭–૧૧–૧૬ સુધીમા 47894 યુનીટ નો અસાધારણ વીજ વીજવપરાશ થયેલ હોય, જે માન્ય ન રાખતા તેમજ સદર બાબતે ફરીયાદ નુ નિરાકરણ ન આવતા – ન્યાયિક રજુઆત માટે ફોરમ સમક્ષ રજુઆત કરેલ, સદર અરજદાર ના પી.આર.ટી.–૧૪૫ મુજબ – થયેલ વીજવપરાશ ની વિગત નીચે મુજબ છે. |
|---|---|

connection no:35234/00492/9 Tariff A2

Meter No. PG448300 MC dt-17-11-16 load 7.5 HP

| Month/ Year | 2015 | | | 2016 | | | 2017 | | | 2018 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit |
| Jan-Feb | | | | 5380 | | 0 | 372 | | 112 | 510 | 110 | |
| Mar-Apr | | | | 5380 | | 0 | 400 | | 28 | 510 | 0 | |
| May-Jun | | | | 5380 | | 0 | 400 | | 0 | 580 | 70 | |
| Jul-Aug | | | | 5380 | | 0 | 400 | | 0 | | | |
| Sep-Oct | 5362 | | | 5880 | | 500 | 400 | L | 130 | | | |
| Nov-Dec | 5380 | | 18 | 260 | MC | 256 | 400 | | 0 | | | |

વધુમાં પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા મુજબ – સદર મીટર ને કંપની મા મોકલાવેલ હતુ, જેનો રીપોર્ટ તા.૨૩–૦૮–૧૮ ના રોજ મળેલ, તે મુજબ મીટર નો એમ.આર.આઈ. અહેવાલ ડાઉનલોડ થઈ શકેલ નથી, પરંતુ, મીટર મેઈક કંપની ના તા.૦૪–૦૯–૧૮ ના ઈમેઈલ અહેવાલ મુજબ – મીટર મા નોંધાયેલ ૫૩૭૭૪.૭ રીડીંગ નોંધાયેલ છે, જે બરાબર છે. સદર બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર વીજજોડાણ ના વીજબીલ મા જે તે સમય ના મીટર રીડરો દ્વારા યોગ્ય રીડીંગ લેવાયેલ નથી, તેમ ફલીત થાય છે. જેથી, સદર કેઈસ મા – કસુરવારો સામે યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે પીજીવીસીએલ પક્ષકાર ને તાકીદ કરવામા આવે છે. તેમજ અરજદાર પક્ષકાર પાસેથી પીજીવીસીએલ ના નિયમ મુજબ વીજબીલ વસુલ કરવા પાત્ર હોવાનો પણ આ સાથે નિષ્કર્ષ કરવામા આવે છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે ની કાર્યવાહી કરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |
|---|---|

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.